મૃત્યુથી અમૃત તરફ

તમે મૃત્યુ પહેલાં જ મરી જશો. એવી કહેવત છે કે, બહાદુર એક વાર મૃત્યુ પામે છે; કાયર દરરોજ મૃત્યુ પામે છે, હજાર વાર મૃત્યુ પામે છે. મૃત્યુ તો સ્વાભાવિક ઘટના છે જેમ કે જન્મ, જયારે શરૂઆત થઇ છે તો અંત પણ થશે અને ભય શું છે? શું ગુમાવી દેશો? તમારી પાસે છે શું કે જે મૃત્યુ તમારી પાસેથી છીનવી લેશે? તમે જીવનમાં એવું પામ્યા પણ શું છો કે જે મૃત્યુ લૂટી લેશે? તમે એવું પણ શું કરી રહ્યા છો કે મૃત્યુ વચ્ચે આવીને વિક્ષેપ નાંખશે? સવારે ઊઠ્યા, રોજી - રોટી કમાઈ, સાંજે પાછા આવ્યા, સૂઈ ગયા, પછી સવારે જાગ્યા - આમ ઘાણીના બળદની જેમ ફર્યા કરવાને તમે જીવન સમજો છો? અને આજ ઘાણીના બળદને મૃત્યુ આવીને રોકી દેશે તો પછી આટલા બધા ભયભીત કેમ છો? સત્ય તો એ છે જો તમે તમારા જીવનને ધ્યાનથી જુઓ તો તમે કહેશો, મૃત્યુ તારો આભાર, કે તું આવી ગયું, તું ન આવતે તો બસ અમે ભટક્યા જ કરતે, આ ઘાણીના બળદની જેમ ચાલ્યા જ કરતે, ચાલ્યા જ કરતે, ન જાણે કેટલું તેલનું પીલાણ કરવું પડતે, જેનું પરિણામ તો કંઇ છે જ નહીં, હાથમાં તો આખરે કંઇ જ નથી આવવાનું. એક પ્રખ્યાત વાર્તા છે કે જયારે સિકંદર ભારત આવ્યો ત્યારે યુનાનના ખૂબ જ મોટા-મોટા ઋષિઓએ તેને કહ્યું કે, ''અમે સાંભળ્યું છે કે, ભારતના કોઈ પર્વતોમાં, ક્યાંક કોઇ છુપાયેલી ગુફામાં એક ઝરણું છે જે અમૃતનું છે, જે એને પી લે છે તે અમર થઈ જાય છે. કોણ અમર થવા ન માંગશે? જો હું તમને કહું, 'હા, આવું એક ઝરણું છે,' તો તમારામાંથી અહીં કોઈ દેખાશે નહીં. તમે બધા નીકળી પડશો ઝરણાની શોધમાં. સિકંદરે ખૂબ જ શોધખોળ કરી, અંતે તે પેલા ઝરણા પાસે પહોંચી ગયો. પોતાના સૈનિકો અને સેનાપતિઓને ગુફાની બહાર છોડી દીધા. તેણે કહ્યું, ''તમે બહાર ઊભા રહો.'' એક ઈર્ષ્યાની લાગણીએ તેના મનને પકડી લીધી કે, જો બધા અમૃત પી લેશે તો પછી મારા અમર થવાનું કોઈ ખાસ મહત્ત્વ નહીં રહે, જેથી હું એકલો જ તેનું પાન કરીશ.

ગુફાનું પ્રવેશદ્વાર ખુલ્લી તલવારોથી રોકી દેવામાં આવ્યું, સિકંદર એકલો ગુફાની અંદર પ્રવેશ્યો, ત્યાં ઝરણું હતું. પાણીમાંથી સુગંધ ફેલાઈ રહી હતી, સ્ફટિકના મણિ જેવું સ્વચ્છ પાણી જે તેણે પહેલાં ક્યારેય જોયું નહોતું, જાણે ચંદ્ર અને તારાઓને ઓગળીને એક પ્રકાશ આવ્યો હોય, એ ખચકાયો, અવાક, ખોબો ભરવા જ જતો હતો, ત્યારે એક ખડક પાસે બેઠેલા કાગડાએ કહ્યું, થોભો, થોભો એક મિનિટ થોભો. સિકંદરે વિચાર્યું કે જ્યાં અમૃતનું ઝરણું હોય ત્યાં કંઈ પણ થઈ શકે છે. કાગડાઓ પણ બોલી શકે છે પરંતુ જયારે કાગડાએ તેને અટકાવ્યો, ત્યારે તે થોભી ગયો. પૂછ્યું, ''કારણ શું છે? કેમ રોકવા માંગો છો?'' કાગડાએ જવાબ આપ્યો, હું એટલે રોકવા માંગુ છું કે મેં પણ આ ઝરણાનું પાણી પીધું છે. આજે સદીઓ વીતી ગઈ, હું મરી નથી શકતો. ખડકો પરથી ફૂદું છું, ગળામાં ફાંસી આપું છું, ઝેર પી જાઉં છું, છાતીમાં છરી ઘોંપું છું પણ મૃત્યુ આવતું નથી. હું થાકી ગયો છું. હું ખૂબ થાકી ગયો છું. દરરોજ એ જ કામ કાંવ-કાંવ, રડી રડીને હું થાકી ગયો છું, હું મરવા માંગું છું. તમે એક મહાન યાત્રી છો, શું તમને રસ્તામાં કોઈ એવી જગ્યા ખબર છે જયાં આ અમૃતનું મારણ હોય, ક્યાંક કોઈ એવું ઝેરનું ઝરણું હોય જે અમૃતની અસરોને સમાપ્ત કરી શકે? મને એનું સરનામું આપો. પછી તમારે જે કરવું હોય તે કરો, પીવું હોય પીઓ, ન પીવું હોય તો ન પીવો પણ જો તમે મારી વાત સાંભળો છો, તો વિચારો, ઉતાવળ ન કરશો, બેસી જાઓ, ધ્યાનથી વિચારો કારણ કે એક વાર પીધા પછી તેનો કોઈ છૂટકારો નથી અને વાર્તા એવી છે કે સિકંદરે થોડી વાર ત્યાં ઊભો રહી વિચાર કર્યો અને ઝડપથી ગુફાની બહાર દોડી ગયો. કાગડાએ પૂછ્યું, ''તમે કેમ દોડી રહ્યા છો?'' તેણે કહ્યું, ''મને ડર છે કે હું કોઈ ઉત્તેજનાવશ અમૃત પી લઈશ. તારી વાત મારી સમજમાં આવી ગઈ છે. કાંવ-કાંવ ક્યાં સુધી ચાલશે, આનો કોઈ અંત નથી. જરા વિચારો, જો તમે અમર બની જશો તો ક્યાં સુધી કાંવ-કાંવ કરવાની?તમે આટલા ગભરાઈ કેમ રહ્યા છો? મૃત્યુ તો વિશ્રામ છે. મૃત્યુ તો નિરર્થક સંઘર્ષમાંથી છૂટકારો છે. મૃત્યુને દુશ્મન તરીકે કેમ જુઓ છો? અહીં કોઈ દુશ્મન નથી. આ સમગ્ર અસ્તિત્વ આપણું છે અને આપણે તેના છીએ. અસ્તિત્વએ જન્મ આપ્યો અને એણે મૃત્યુ આપ્યું અને જેણે જન્મ આપ્યો છે તે દુશ્મન તો ન હોઈ શકે અને મૃત્યુ જન્મ આપનાર પાસેથી આવે છે. તો, મૃત્યુ પણ મંગળ જ લાવતું હશે અને મંગળદાયી હશે. આ અસ્તિત્વ શુભતાથી પરિપૂર્ણ છે. અહીં અશુભ ઘટના તો ઘટતી જ નથી. જો તમે કોઈ વસ્તુને અશુભ તરીકે માની લો છો તો પછી અવરોધો શરૂ થઈ જાય છે.

(ઓશો : 'પ્રેમ પંથ એસો કઠીન' પુસ્તકમાંથી, સૌજન્યઃ ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.)

મૃત્યુ તો નિશ્ચિત છે, કોઇ કરે કે ન કરે, તમારા કરવાથી એટલું જ થશે કે તમે યોગ્ય રીતે જીવી નહીં શકો

ઓશો વાણી

મહાધ્વંસની સહસ્ત્રાબ્દીએ અને પુનઃનિર્માણના 75મા વર્ષે સોમનાથ મંદિર

સંસ્કૃતિ દર્શન
સનત દવે

ગુજરાત દ્વારિકા, જૂનાગઢનો ગીરનાર, અંબાજી ધામ અને સોમનાથ જેવા પવિત્રધામોથી સમૃદ્ધ છે તો ટુરિસ્ટોને આકર્ષે તેવા કચ્છનું સફેદ રણ, શિવરાજપુર સહિતના અનેક રમણિય દરિયાકિનારા તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થોળોને કારણે પર્યટકો અને યાત્રાળુઓની સંખ્યા વધતી જાય છે. 2025-26માં 22 કરોડની વધુ પ્રવાસીઓ ગુજરાતની મહેમાન બન્યા હતા. રેલ-રસ્તા અને વધી રહેલી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા સાથે ધાર્મિક સ્થળોના વિકાસ થકી જ પર્યટકોની વિશાળતા શક્ય બની છે. ગયા મહિને સોમનાથ ખાતે સોમનાથ ખંડિત થયાના એક હજાર વર્ષ તેમજ નૂતન નિર્માણાધિન સોમનાથ મંદિરના 75 વર્ષ એવા બે પ્રસંગોને કેન્દ્રમાં રાખી સ્વાભિમાન પર્વની ઉજવણી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં થઈ હતી. સાથે 2026ના વર્ષને પણ સ્વાભિમાન વર્ષ તરીકે જાહેર કરાયું છે. ચાર યુગ પૌરાણિક સોમનાથ મંદિર ભારતીય ધર્મ સંસ્કૃતિના સાતત્યનું એક શક્તિશાળી પ્રતિક છે. દ્વાદશ જ્યોર્તિલિંગમાં પ્રથમ સ્થાને ગણાતું સોમનાથ મંદિર ઉપદ્રવી મુઘલ આક્રાંતાઓ દ્વારા 17 વખત તુટ્યું છે અને દરેક વખતે સનાતનીઓની શ્રદ્ધાના બળે રાજવીઓએ નવસર્જન કરાવ્યું છે. 1947માં સરદાર વલ્લભભાઇ પટેલે સોમનાથના ખંડેરોની મુલાકાત લીધી હતી અને તુરંત જ પુનઃનિર્માણનો સંકલ્પ લીધો અને જાહેર ભાગીદારી તથા રાષ્ટ્રીય સવલતો સાથે પ્રારંભ પણ કરાવી દીધો.

સોમપુરા પરિવારની કૈલાશ મહામેરું પ્રસાદ સ્થાપત્ય શૈલીની ડિઝાઇન મુજબ પ્રારંભ કરાયેલા મંદિરના નવનિર્માણનું કાર્ય પૂર્ણ થતા 11મે 1951ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં મંદિરનું ઉદઘાટન કરાયું. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુને આમંત્રણ છતા હાજરી તો ના આપી પણ રાષ્ટ્રપતિને પણ સોમનાથ નહીં જવા માટે પુષ્કળ દબાણ કરાયું હતું. સોમનાથના પુનઃનિર્માણની 2001માં પચાસ વર્ષની ઉજવણીમાં તત્કાલીન પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયી, ગૃહપ્રધાન લાલ કૃષ્ણ અડવાણી અને અનેક મહાનુભાવોએ ઉપસ્થિતિ દર્શાવી હતી તો મંદિરના પુનઃનિર્માણના 75માં વર્ષની સ્વાભિમાન પર્વની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિ રહી હતી. સર્વધર્મને સમાન સમ્માન આપતા મોદીજીની નીતિથી આજે દેશના તીર્થધામોના વિકાસના અનેક કાર્યો થતાં રહ્યાં છે. સોમનાથ મંદિરનું સ્થાપત્ય એ ભવ્યતા, ભક્તિ અને શ્રદ્ધાનો જીવંત વારસો છે. એનો ઇતિહાસ વિનાશ અને પુનઃસ્થાપનના બંને પહેલું પર આલેખાયો છે. આપણે અને આપણી યુવાપેઢી માટે એ જાણવુ જરૂરી છે. જો કે અધિકાધિક સાહિત્ય આ વિષય પર લખાયું છે. જે સત્સંગના મર્યાદિત ફલક પર સમાવવું શક્ય નથી છતાં મહત્ત્વપૂર્ણ વાતોને સંક્ષિપ્તમાં અહીં આપવાનો પ્રયાસ છે.

સોમનાથ પાટણમાં એક રામજીમંદિરની બાજુમાં શેરીમાં ભદ્રકાળી માતાનું મંદિર એક નાના રૂમમાં આવેલું છે. જેના પ્રવેશદ્વાર પર પુરાતત્વ ખાતા તરફ સુરક્ષિત કરાયેલ કોતરાયેલ લેખ છે. જે ઇ.સ. 1169ની સાલમાં પાટણના મહારાજ કુમાળપાળના ધર્મગુરુ પૂ. પાશુપતાચાર્ય શ્રીમદ્ ભાવબૃહસ્પતિ દ્વારા તૈયાર કરાયો હોવાની માહિતી મળે છે. જેના અભ્યાસ પરથી એવું તારણ નીકળે છે કે ચારેય યુગોમાં જુદા જુદા દ્રવ્યોથી સોમનાથ મંદિરનું નિર્માણ થયેલું છે. સતયુગમાં રાજા સોમરાજે સોનાનું મંદિર બનાવેલું તો ત્રેતાયુગમાં રાવણે રૂપાનું મંદિર બનાવેલું, દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ ભગવાને કાષ્ટનું મંદિર નિર્માણ કરાયેલું તો કળી યુગમાં સોલંકી રાજા ભીમદેવે પત્થરોનું મંદિર બંધાવેલું. સામાન્ય રીતે છેલ્લા બે હજાર વર્ષમાં તો અનેકવાર સોમનાથ મંદિર જીર્ણ થતાં જીર્ણોદ્ધાર દ્વારા અથવા તો આક્રાંતાઓ દ્વારા વિનાશ પછી પુનઃનિર્માણ પામ્યું છે.

સોમનાથ મંદિરનો સૌ પ્રથમ જીર્ણોદ્ધાર ઇ.સ. 649માં વલ્લભી વંશના રાજા મૈત્રક ધરાસેન એક શિલાલેખ મુજબ માળવાના રાજા ભોજ પરમારે આઠમી સદીમાં 13 માળ ઉંચુ મંદિર બનાવેલુ જેના દ્વાર હીરા જડિત હતાં પણ આઠમી સદીના મધ્યકાલે. ઇ.સ. 755માં આરબ આક્રમકોએ બધુ જ લૂંટી લઇને મંદિરને ધ્વંશ કરી દીધેલું. જોકે સનાતનીઓની શ્રદ્ધા અને રાજવીઓના સહકારે ફરી નિર્માણ પામેલ મંદિરની જાહોજલાલી અને કીર્તિ આખા ભારતખંડમાં પ્રસરી હતી. એ સમયનું સોનાના શિખરોવાળું સૌથી ધનવાન સોમનાથ મંદિરની કીર્તિ છેક અફઘાનિસ્તાનના બાદશાહ મહમૂદ ગઝનવી સુધી પહોંચતા તેમણે આ કીર્તિ ભંગના મનસૂબા સાથે હજારો ઘોડેસવાર, ઊંટ, સૈનિકો, શસ્ત્રો અને ખાણીપીણીના સરસમાન સાથે સોમનાથ પહોંચવા માટે 18 ઓક્ટોબર ઇ.સ. 1025ના સોમવારે નીકળી પડ્યો. લગભગ 6 મહિના જેટલી લાંબી સફરમાં મુલતાન થઇ રાજસ્થાનના રસ્તે ગુજરાતમાં પ્રવેશી 6ઠ્ઠી જાન્યુઆરી 1026ના રોજ તેની સેનાએ સોમનાથમાં પ્રવેશ કર્યો ત્યારે શિખર પરના 14 સોનાના કળશ સાથે ઝગમગતું મંદિર જોઇને એ સૌ કોઇની આંખો ફાટીને ફાટી જ રહી ગઇ હતી. મંદિરમાં સાત હાથ ઉંચા શિવલિંગ પર હીરા જડિત મુગટ ઝગમગતો હતો તો રત્નજડિત ઝૂમરો અને સોને મઢેલ દ્વાર અને દિવાલોથી ઝગારા મારતા મંદિરમાં સોનાની સાંકળે લટકતો સુવર્ણઘંટ સહિતનું દૃશ્ય સ્વર્ગના રાજમહેલ જેવું લાગતું હતું. ગઝનવીની હજારોની સેના સામે મંદિરના રક્ષણાર્થે લડનારા કેટલાંયે શહીદ થઇ ગયા હતા. બસ હવે તો લૂંટવાનું જ બાકી હતું. મંદિરને ધ્વંશ કરી મહમૂદની સેનાને બે કરોડ દીનારના કોથળા ભર્યા, હીરા-માણેક, ઝવેરાતના પણ કોથળા ભર્યા, અને 900 ઊંટ પર લાદી શકાય એટલું સોનું લૂંટી ગયો હતો. આવ્યો હતો એ જ રસ્તે અફઘાનિસ્તાનના ગઝની નામના તેમના શહેર પહોંચી ગયો. વિશ્વના ઇતિહાસમાં આજ સુધીની આ સૌથી મોટી ક્રુરતાભરી લૂંટ હતી.

જો કે ત્યારબાદ કુમારપાળે (ઇ.સ. 1143-72) ફરી સોમનાથ મંદિરને ઉત્તમ પત્થરો અને હીરા-જવેરાતથી પુનઃનિર્માણ કરાવેલું. ઇ.સ. 1299માં અલાઉદ્દીન ખિલજીની સેનાએ વાઘેલા રાજા કર્ણને હરાવી સોમનાથ મંદિરને તોડી પાડેલું. 1308માં સૌરાષ્ટ્રના ચુડાસમા રાજા મહિપાલસિંહ દ્વારા પુનઃનિર્માણ અને 1395માં મુઘલ સલ્તનતના ઝફરખાન દ્વારા મંદિરને નષ્ટ કરાયેલું. 18મી સદીમાં મહારાણી અહલ્યાબાઇએ પેશવાઓની મદદથી ધ્વંશ મંદિરની બરાબર બાજુમાં ફરી ભવ્ય સોમનાથ મંદિરનું નિર્માણ કરાવેલું. જો કે સોમનાથ મંદિરના ધ્વંશમાં હંમેશ વિવિધ સમયે મહમૂદ ગઝનવી અલ્લાઉદ્દીન ખીલજી, મુઝફ્ફર શાહ, મહંમદ બેગડો અને ઔરંબઝેબ જેવા મુઘલો જ અગ્રેસર રહ્યાં છે.

ઇતિહાસ જાણવો જરૂરી છે, પણ વર્તમાનના સોમનાથ મંદિરની સામે ભૂતકાળ ભૂલવો પડે તેવી ભવ્યતા છે. આજના સોમનાથ મહાદેવ મંદિરમાં ભવ્ય ગર્ભગૃહ, સભામંડપ, નૃત્યમંડપ સાથે 150 ફૂટ ઊંચા શિખર દૈદિપ્યમાન છે. શિખરને 10 ટન સુવર્ણથી શણગારેલું છે. 27 ફૂટ ઊંચો ધ્વજદંડ મંદિરનું પ્રતિનિધિત્વ કરે છે. મંદિર સંકુલમાં જ 1,666 સોને મઢેલા કળશ છે તો 14,200 ધજાઓ મંદિરની શોભા વધારે છે. છેલ્લા કેટલાય વર્ષોથી મંદિર સંકુલના પરિસરને વધુ સગવડદાયી બનાવાયું છે. દર વર્ષે લગભગ 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ દેવાધિદેવ મહાદેવના આ પાવન સ્થળે દર્શનાર્થે આવે છે. 2025ની શિવરાત્રીના અવસરે 3.56 લાખથી વધુ લોકોએ ધર્મલાભ લીધેલો. અહીં ભવ્ય કોરીડોર બનાવવા માટેનું ફંડ મંજૂર થઇ ગયું છે. તેથી આ પ્રોજેક્ટમાં આવતા 384 મકાનો, હોટલો અને 4 જેટલા જૂના મંદિરના માલિકો, ટ્રસ્ટીઓ સાથે વાટાઘાટ ચાલી રહી છે. 7 તબક્કે પૂર્ણ થનાર આ ભવ્ય કોરીડોરનો પ્રોજેક્ટ પૂર્ણ કરી સોમનાથ મંદિર અને શહેર ભવ્ય ગ્લોબલ ડેસ્ટીનેશન બની રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.

મંદિરને ધ્વંસ કરી મહમૂદની સેનાએ બે કરોડ દીનારના કોથળા ભર્યા, હીરા-માણેક, ઝવેરાતના પણ કોથળા ભર્યા, 900 ઊંટ પર લાદી શકાય એટલું સોનું લૂંટી ગયો હતો. આવ્યો હતો એ જ રસ્તે અફઘાનિસ્તાનના ગઝની નામના તેમના શહેર પહોંચી ગયો

લેખાંક-૫૨

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

નામકરણ સંસ્કાર

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

ગોકુળમાં વારંવાર આવી ઘટનાઓ બનવાની ખબર પડવાથી મથુરામાં ચિંતાતુર બનેલા વસુદેવે એમના કુળના પુરોહિત મહાન તપસ્વી ગર્ગાચાર્યને વિનંતી કરી કે તેઓ નંદમહારાજને ત્યાં જઈ જ્યોતિષ અનુસાર શ્રીકૃષ્ણના ભવિષ્યની ગણના કરે અને બંને પુત્રોના નામકરણ સંસ્કાર કરે. આમ પણ તેમના જન્મને એક વર્ષ થવા આવ્યું હતું.

ગર્ગાચાર્ય મહાન ઋષિ હતા અને યાદવોના પુરોહિત હતા એટલે તેઓ જેવા ત્યાં પહોંચ્યા કે તરત નંદજી હાથ જોડીને ઊભા થઇ ગયા. તેમનું સાદર અભિવાદન કર્યું. મુખ પર પ્રસન્નતા રાખી એવી રીતે તેમનું સ્વાગત કર્યું કે માનો તેઓ કોઈ દેવને પૂજતા હોય. તેમણે ગર્ગાચાર્યને બેસવા માટે ઉત્તમ આસન આપ્યું અને તેમના સત્કારમાં ખૂબ જ વિનમ્ર ભાવથી કહ્યું, "આપનું આગમન અમારા ઘરમાં પ્રકાશ પાડવા માટે થયું છે. અમે લોકો હંમેશાં ગૃહસ્થીનાં કાર્યોમાં જ વ્યસ્ત હોઈએ છીએ. આત્મ-સાક્ષાત્કાર જેવા વાસ્તવિક આધ્યાત્મિક કાર્યો માટે અમને અવસર મળતો જ નથી માટે નક્કી અમારા ઘરમાં આપનું પદાર્પણ અમને આધ્યાત્મિક જીવનના વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે જ થયું છે. આપ અતીન્દ્રિય જ્ઞાનનું સાધન એવા જ્યોતિષશાસ્ત્રમાં ખૂબ નિષ્ણાત છો કે જેના વડે મનુષ્ય ભૂત-ભવિષ્ય વગેરે જાણી શકે છે. આપ બ્રહ્મજ્ઞાની પુરુષોમાં શ્રેષ્ઠ છો. સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ છો. અમારાં સંતાનોના નામકરણની વિધિ હજુ સુધી થઇ નથી માટે આપ આ બંને બાળકોના 'નામકરણ' આદિ સંસ્કાર કરાવી આપો. જો કે આપ અમારા કુલાચાર્ય નથી પરંતુ બ્રાહ્મણ જન્મથી જ મનુષ્યનો ગુરુ છે."

અહીં એક નોંધ લઈએ કે નામકરણ એ ધાર્મિક સંસ્કાર છે. આપણાં શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે જીવ જયારે માના પેટમાં આવે ત્યારથી જ વિવિધ સંસ્કાર કરવા પડે છે. શાસ્ત્રમાં મુખ્ય સોળ સંસ્કાર બતાવ્યા છે. મન અને બુદ્ધિને વિશુદ્ધ કરવા માટે શુદ્ધ ધાર્મિક વિધિથી અલગ અલગ સંસ્કારો કરવા જ જોઈએ. સાંપ્રત સમયમાં આ બધા સંસ્કારોનો ધીમે ધીમે લોપ થતો જાય છે, ધાર્મિક વિધિઓને મહત્ત્વ અપાતું નથી અને આમ બીજા શબ્દોમાં સમજીએ તો સનાતન ધર્મની પરંપરા નબળી પડવા માંડી છે.

ભગવાન બાળકૃષ્ણના મુખારવિંદના દિવ્યદર્શન કરવાથી અને પોતાના જ્યોતિષવિદ્યાના અદભુત જ્ઞાનની ગણનાથી ગર્ગાચાર્ય એક વાત સમજી ગયા હતા કે આ બાળક અલૌકિક છે. હૈયામાં ઊઠેલા ઉમળકાથી અને નંદ મહારાજ દ્વારા આ વિનમ્ર રજૂઆત કરવાથી, તેના વાળભમાં ગર્ગાચાર્ય એકાએક બોલી ઊઠે છે. "મારું ધૈર્ય છૂટી રહ્યું છે. શરીર કંપિત અને રોમાંચિત થઇ રહ્યું છે. બુદ્ધિ વિલુપ્ત થઇ રહી છે. મને આશ્ચર્ય એ વાતનું છે કે જેના નામકરણ માટે હું અહીં આવ્યો છું તેમણે સ્વયં મારા નામને લુપ્ત કરી દીધું છે. અર્થાત મને જીવનમુક્ત બનાવી દીધો છે." ખરા અર્થમાં બ્રાહ્મણ અને જ્ઞાની તેને કહેવાય કે જે પરમેશ્વરના જ્ઞાનમાં જ વ્યસ્ત અને મસ્ત હોય. પરમેશ્વરને બરાબર ઓળખ્યા હોય. ગર્ગાચાર્ય આવા જ સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ હતા.

નંદજીએ, ગર્ગાચાર્યને વિનમ્રતાપૂર્વક વિનંતી રજૂ કરી કે જેમાં બંને પુત્રોના જન્મનું ફળકથન અને નામકરણ આદિ સંસ્કારો કરાવવાનો સમાવેશ થતો હતો. સંસ્કાર એ શુદ્ધિપ્રદ ક્રિયા છે. તે દેહ-ઇન્દ્રિયો-અંતઃકરણ વગેરેને શુદ્ધ બનાવી, જીવનમાં સુખ-શાંતિ-સન્માર્ગ વગેરેના માટે મનુષ્યને અનુકૂળ અને યોગ્ય બનાવે છે. બલરામ તો રોહિણીના ગર્ભથી થયેલા વસુદેવના પુત્ર હતા તે વાત નંદજીને ખબર હતી પરંતુ શ્રીકૃષ્ણ પણ વસુદેવ અને દેવકીના પુત્ર હતા તે બાબતથી તેઓ તદ્દન અજાણ હતા.

નંદજીની વિનંતી સાંભળી ગર્ગાચાર્ય બોલ્યા, "હું યાદવોના આચાર્ય તરીકે પૃથ્વી પર સર્વદા પ્રખ્યાત છું. તેથી તમારા પુત્રના સંસ્કાર જો મારા હાથે થશે તો પાપી બુદ્ધિવાળો કંસ તરત શંકાશીલ થઇ જશે અને તમારા પુત્રને પણ દેવકીનો પુત્ર માનશે. વળી તમારે અને વસુદેવને મિત્રતા છે અને દેવકીની પુત્રીએ (યોગમાયા) જે વચન કહ્યું હતું તે સાંભળી દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી હતી તેમ માનવું પણ જરા પણ યોગ્ય નથી. જ્યોતિષગણના અનુસાર સમજીએ તો પણ દેવકીને આઠમા ગર્ભમાં પુત્રી થાય તે શકયતા નહોતી. કંસ આ બાબતનો પણ વિચાર કરી શંકા કરશે અને તમારા બંને પુત્રોનો નાશ કરશે અને જો એમ થાય તો તે મારા હાથે અન્યાય થયેલો ગણાશે. માટે હું ભવિષ્યમાં ઉત્પન્ન થતી વિપત્તિનું ઉત્તરદાયીત્વ નહિ લઈ શકું."



હું યાદવોના આચાર્ય તરીકે પૃથ્વી પર સર્વદા પ્રખ્યાત છું. તેથી તમારા પુત્રના સંસ્કાર જો મારા હાથે થશે તો પાપી બુદ્ધિવાળો કંસ તરત શંકાશીલ થઇ જશે અને તમારા પુત્રને પણ દેવકીનો પુત્ર માનશે

ગર્ગાચાર્યનાં વચનો સાંભળી નંદજી બોલ્યા, "જો આવી જ શંકા હોય તો આપણે નામકરણ સંસ્કાર માટે ભવ્ય આયોજન નહિ કરીએ. કોઈ મહેમાનોને પણ નહિ બોલાવીએ. આપ અહીં ગાયોના વાડામાં એકાંત જગ્યામાં મારા પોતાના લોકોને પણ જાણ નહિ થાય તેમ સ્વસ્તિવાચનપૂર્વક (વૈદિક મંત્રોથી શાસ્ત્રીય વિધિ પ્રમાણે) મારાં આ બંને બાળકોના યોગ્ય નામકરણ સંસ્કાર કરાવી આપો."

અહીં એક વાતની નોંધ લઈએ કે નંદજીની બંને પુત્રોના સાથે નામ પાડવાની વિનંતી, એ તેમનો ઉદાત્ત-મંગળ વ્યવહાર દર્શાવે છે. તેમની સમજ પ્રમાણે એક પુત્ર (શ્રીકૃષ્ણ) તેમનો હતો અને બીજો પુત્ર (બળભદ્ર) વસુદેવજીનો હતો છતાં પણ તેમણે બંને બાળકોમાં તારા-મારાનો ભેદ નહિ રાખ્યો. બંને બાળકો માટે સમાન સ્નેહ રાખ્યો. આજનાં મા-બાપોએ પણ આ હકીકતને ધ્યાનમાં રાખવી જરૂરી છે. નહિ તો જેમ ધ્રુતરાષ્ટ્રે 'મારા અને પાંડવોના' કહી જે અણઘડતા બતાવી હતી અને રાજા ઉત્તાન્પદે ધ્રુવજી અને ઉત્તમ સાથે સમાનતા અને સ્નેહભર્યો વ્યવહાર નહિ કરીને અન્યાય કર્યો અને એવો કલેશ આરંભાઈ ગયો હતો કે જે કુલવિનાશ સુધી લઈ ગયો હતો.

પરંતુ બંને માટે સમાન સ્નેહ રાખવાનો આવો મનોવૈજ્ઞાનિક અભિગમ નંદજીએ લીધેલા આ વર્ણનમાં સ્પષ્ટરૂપે દેખાઈ આવે છે અને તેનું વર્ણન શ્રીમદ ભાગવતમાં ચરિતાર્થ કરવામાં આવ્યું છે, જે આજના સમાજ માટે બાળ-મનોવિજ્ઞાન જેવું કાર્ય કરે છે અને ગૃહકલેશને અટકાવે છે.

(ક્રમશઃ)